**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૩ ડીગ્રી
લઘુતમ : ૧૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૫ ટકા

# ચૌધરી એમએડ કોલેજમાં લઘુશોધ નિબંધના શિર્ષકની રચના અંગે કાર્યશિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી એમએડ કોલેજ (મહિલા)માં સંસ્થાના પ્રિન્સીપાલ પ્રો. ડો.પરવીન એમ.મલેકની અધ્યક્ષતા હેઠળ અભ્યાસક્રમ અંતર્ગત લઘુશોધ નિબંધના શિર્ષકની રચના સબંધિત કાર્યશિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે



શિક્ષણ શાસ્ત્ર ભવન ગુજરાત યુનિ.ના અધ્યક્ષ પ્રો.ડો.મિલન ટી.મિસ્ત્રી, પ્રો.ડો.એમ.સી.શાસ્ત્રી, એલ.જી.માલવ ઉપસ્થિત રહયા હતા. પ્રસ્તુત કાર્યશિબિર બે જુથમાં હાથ ધરવામાં આવી હતી. તાલીમાર્થી બહેનોએ પોતાના રસ અને રૂચિ પ્રમાણે અગ્રતાક્રમ પ્રમાણે અગાઉથી ત્રણ શિર્ષકની રચના કરેલ હતી જેમાં પ્રસ્તુત નિષ્ણાંતોએ હાથ ધરી શકાય તેવા શિર્ષકને મંજુરી આપી અને હાથ ન ધરી શકાય તેવા શિર્ષકમાં ફેરફાર કર્યા હતા. ચર્ચા દરમિયાન તાલીમાર્થી બહેનોને જે તે શિર્ષકમાં કયું સાધન વાપરી શકાશે તથા સંશોધન માટે પ્રદત્ત કયાંથી અને કેવી રીતે એકત્રિત કરી શકાશે તેની પણ સ્પષ્ટતા કરી હતી. કાર્યશિબિરમાં સ્ટાફ ઉપરાંત તમામ તાલીમાર્થી બહેનોએ ભાગ લઈ શિબિરને સફળ બનાવી હતી.



સેક્ટર-૨૧ અને ૨૨ની સરકારી શાળામાં ભણતા સેવા વસ્તીની વિદ્યાર્થીઓને વોર્ડ નંબર-૫ના કાર્યકર્તાઓ સાથે ઠંડી સામે રક્ષણ માટે સ્વેટર વિતરણ કર્યા હતા.

# NFSUના પ્રો.(ડૉ.) પૂર્વી પોખરિયાલ, ઈન્ડિયન સોસાયટી ઑફ ક્રિમિનોલોજીના સૌપ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા

### ડો. જે.એમ. વ્યાસ, કુલપતિએ પ્રો.(ડો.) પૂર્વી પોખરિયાલને પુષ્પગુચ્છથી સન્માનિત કર્યા



ગાંધીનગર, તા.૨૧

પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરને તા.૧૮મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બે ટર્મ માટે ઈન્ડિયન સોસાયટી ઑફ ક્રિમિનોલૉજીના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. પ્રો. (ડૉ.) પોખરિયાલ ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિમીનોલોજીના છેલ્લા ૫૨ વર્ષોના ઈતિહાસમાં સૌપ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા છે. ઉલ્લેખનીય છે કે, અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષની પસંદગી એક જ સંસ્થા એવી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)માંથી થઈ છે, તે પણ એક વિશિષ્ટ બાબત છે. આ પ્રસંગે બુધવારે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે એક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. જે.એમ. વ્યાસ, કુલપતિ-(NFSU) દ્વારા પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલનું ગુના નિવારણ પર કામ કરતી રાષ્ટ્રીય સંસ્થામાં પસંદગી બદલ પુષ્પગુચ્છથી સન્માન કરાયું હતું. ડો. જે.એમ. વ્યાસે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી માટે એ ગૌરવની વાત છે કે તેઓ વધુ એક રાષ્ટ્રીય સંસ્થાનું નેતૃત્વ કરશે. અમે સૌ તેઓની સફળતા માટે શુભકામના વ્યક્ત કરીએ છીએ. હવે ક્રિમિનોલોજી અંગેની આગામી નેશનલ કોન્ફરન્સનું યજમાન નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી બની શકે છે. સન્માન બાદ, પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર-નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરે જણાવ્યું હતું કે પ્રો. (ડૉ.) બિહુલા શેખર, ડીન-સ્કૂલ ઑફ બિહેવિયરલ સાયન્સની પણ નાયબ અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી છે. ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિમિનોલોજીના અધ્યક્ષ તરીકે નિમણૂક થવાનો સંપૂર્ણ શ્રેય કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસને આપીને પ્રો. પોખરિયાલે જણાવ્યું હતું કે પદ્મશ્રી, ડો. જે.એમ. વ્યાસ દ્વારા મને હંમેશા પ્રોત્સાહન અને પ્રેરણા પ્રાપ્ત થઈ છે. શ્રી સી.ડી. જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર-(NFSU)એ ઈન્ડિયન સોસાયટી ઑફ ક્રિમિનોલોજી (ISC) અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ઈન્ડિયન સોસાયટી ઑફ ક્રિમિનોલૉજીની સ્થાપના ૧૯૭૦ માં કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ અપરાધશાસ્ત્ર અને સંબંધિત વિજ્ઞાનના અભ્યાસ દ્વારા સમાજ-કલ્યાણના કાર્યો થાય અને ગુના-નિવારણમાં રસ ધરાવતી વ્યકિતઓ વચ્ચે સહકારની સુવિધા ઉપલબ્ધ થઈ શકે.

આ અભિવાદન સમારોહ દરમિયાન (NFSU)ની વિવિધ સ્કૂલ્સના ડીન્સ, એસોસિયેટ ડીન્સ અને ફેકલ્ટી સભ્યો સુવિધા દરમિયાન હાજર રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ભવાનસિંહ યુવરાજસિંહ રાજપૂત



જયસ્વાલ જયવીર કલ્પેશભાઈ
મો. ૯૭૨૭૫ ૫૨૦૮૫



દીક્ષા સચીન ભટ્ટ



સરકારી પ્રાથમિક શાળા સે-૧૩/૨ના બાળકો માટે બાળ મતદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને લોકશાહી પધ્ધતિ અને તેના ફાયદા વિશે માહિતી મળી રહે તે માટે શાળાના શિક્ષકો અને આચાર્યએ આયોજન કર્યું હતું.

# રાસેયો શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ''પ્લાસ્ટિક મુક્ત પરિસર અભિયાન''



ગાંધીનગર, તા.૨૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા માનનીય વડાપ્રધાનનાં આહવાન અને રાજ્યપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત સાદરા પરિસર ને ''નો પ્લાસ્ટિક મુક્ત પરિસર ઝુંબેશ'' અભિયાન ચલાવવામાં આવ્યું સાથે સાથે ૧૨૦ રાસેયોનાં સ્વયંસેવક દ્વારા લગભગ ૧૦૦ કિલો પ્લાસ્ટિક એકત્રિત કરવામાં આવ્યું અને તેનો નાબુદ પણ કરવામાં આવ્યું જેમાં દિનેશ ઉપડલા, ખંજન મકવાણા, ચંદ્રભાન મકવાણા, નરેશ ઠાકોર , પ્રતિક ભટ્ટ અને શ્રી ચિરાગ ઓઢ દ્વારા વિશેષ કામગીરી કરવામાં આવી છે ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ સ્વય સેવકોને માર્ગદર્શન પૂરું પડ્યું હતું આ સંપૂર્ણ કાર્યક્રમના સંચાલનની રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

# સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા વિશ્વ સ્થળાંતરિત દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૧

વિશ્વ સ્થળાંતરિત દિન નિમિત્તે સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘના નિયામક ફાધર ઝેવિયર જેમ્સ અને સ્ટાફ દ્વારા ગાંધીનગર જીલ્લાના સેક્ટર-૬ વિસ્તારમાં પ્રવાસી કામદારો અને છત્રાલ જી.આઈ.ડી.સીમાં વસતા સ્થળાંતરિત મજુર પરીવારો અને તેઓના પ્રતિનિધિ મંડળને સાથે રાખી વિશ્વ સ્થળાંતરિત દિનની ઉજવણી કરવામા આવી હતી. આ કાર્યક્રમમાં પ્રવાસી કામદારોને વિશ્વ સ્થળાંતરિત દિનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કુલ ઈશ્રમ કાર્ડ અને નેશનલ હેલ્થ કાર્ડ બનાવી આપવવામાં આવ્યા હતા. આ દિને સ્થળાંતરિત પરિવારની ગૃહિણીઓ અને ડ્રોપ આઉટ બાળાઓ માટે બ્યુટીપાર્લર તાલીમ કેન્દ્ર શરુ કરવામાં આવેલ છે.આમ વિશ્વ સ્થળાંતરિત દિન નિમિતે પ્રવાસી કામદારોને સાથે રાખી વિશ્વ સ્થળાંતરિત દીનની ઉજવણી કરી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે 'થેલેસેમિયા કેમ્પ'નું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૨૧

થેલેસેમિયા મેજર એક ગંભીર રોગ છે, ત્યારે ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી વિવિધ અભ્યાસક્રમોમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા કેમ્પનું આયોજન કરાયું હતું. કુલપતિ ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટુડન્ટ સપોર્ટ, કલ્ચર અને વેલ્ફેર વિભાગના વડા ડૉ. પ્રશાંત પટેલના પ્રોત્સાહનથી સમગ્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. સામાન્ય રીતે યુનિવર્સિટીમાં ભણતાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા કેમ્પનું આયોજન કરવામાં આવતું હોય છે. પણ કોરાનાકાળ દરમિયાન એડમિશન લીધેલાં અમુક વિદ્યાર્થીઓનાં થેલેસેમિયા ટેસ્ટ થઈ શક્યા ન હતા. જેને કારણે યુનિવર્સિટીએ આ મામલે રેડક્રોસ સોસાયટીને પ્રથમ વર્ષ સહિત કોરોનાને કારણે જે વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ બાકી રહી ગયેલ હોય, તેવા વિદ્યાર્થીઓનાં ટેસ્ટ કરવા માટે પણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને વિનંતી કરવામાં આવી હતી. થેલેસેમિયા કેમ્પમાં યુનિવર્સિટીના પ્રથમ સેમેસ્ટરમાં ભણતાં વિદ્યાર્થીઓ ઉપરાંત તૃતીય સેમેસ્ટર અને પીએચડીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીમાં આયોજિત થેલેસેમિયા કેમ્પમાં અંદાજે ૮૦થી વધારે વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી તરફથી અશ્વિનભાઈ દવે, મહિલા રેડક્રોસ તરફથી હર્ષાબા ધાધલ અને અમદાવાદ રેડક્રોસની ટેક્નિશિયન ટીમ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. રેડક્રોસની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને થેલેસેમિયા મેજર રોગ વિશે જાણકારી આપવામાં આવી હતી.

# આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલ ખાતે દાસકાકા શિયાળુ રમતોત્સવ









સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી-ગાંધીનગર) સંચાલિત શ્રીમતી આર. એન .પટેલ પ્રાથમિક શાળામાં શાળામાં સ્વ.દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું આ રમતોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ડો.રાધિકાબેન પંડ્યા (આસી. પ્રોફેસર, આઈઆઈટીઈ, ગાંધીનગર) ઉપસ્થિત રહી બાળકોને પ્રસંગને અનુરૂપ પ્રેરક પ્રવચન આપ્યું. શાળાના વ્યાયામ શિક્ષક કે.કે.પટેલ તેમજ ઉદ્ઘોષક પારુલબેન પટેલે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું તેમજ રમતગમત અને વ્યાયામનું જીવનમાં મહત્વ સમજાવ્યું.ધોરણ ૧ થી ૮ ના કુલ ૬૯૬ વિદ્યાર્થીઓએ વિવિધ જેવી કે દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, લીંબુ ચમચી, ઘડાદોડ, એકલવ્ય બેલેન્સ, સંગીત ખુરશી, બોલ એન્ડ બકેટ, ફુગ્ગાફોડ, દોરડાકૂદ, બ્રોડજંપ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. શાળા દ્વારા એક થી ત્રણ નંબર વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપી તેમના કૌશલ્યને બિરદાવવામાં આવ્યા હતા તેમજ શાળા પરિવારવતી ઈન્ચાર્જ આચાર્ય કેતનભાઇ પટેલઅને સુપરવાઈઝર વીણાબેન પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

# જાણીતા કર્મશીલ- સમાજશાસ્ત્રી પ્રા. ડૉ. રાજેન્દ્ર જાનીને માતૃ શોક

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના જાણીતા કર્મશીલ સમાજશાસ્ત્રી પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની (ગુજરાત યુનિવર્સિટી) અને અખિલેશ જાનીના માતુ શ્રી તથા હરીશભાઈ પ્રેમશંકર જાની (પૂર્વ કાર્યપાલક ઈજનેર નર્મદા નિગમ) ના મોટા ભાભી ભારતીબેન ભાનુશંકર જાની (છીંકણીવાળા જાની પરિવાર- ઔદિચ્ય સત્તર તાલુકા બ્રહ્મસમાજ)નું દુ:ખદ નિધન થયું છે સદગતનું બેસણું ૨૨મી ડિસેમ્બર ૨૦૨૨ ગુરુવારના રોજ બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન ભક્તિમાતા હોલ સ્વામિનારાયણ મંદિર પરિસર પાછળના ભાગે સેક્ટર-૨ શોપિંગ સેન્ટર જવાના રસ્તે ગાંધીનગર ખાતે યોજાશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ.રાઠોડ દશરથસિંહ લક્ષ્મણસિંહ ઉ.વ.૬૩, દોલારાણાવાસણા

● રૂદ્રભૂમિ ●

● સ્વ.દંતાણી સવિતાબેન ચંપકભાઈ ઉ.વ.૮૦, ધોળાકુવા